ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)ને વર્ષ: ૨૦૨૬-૨૭માં મંજૂર થયેલ રૂ.૧.૦૦/- કરોડની શેરમૂડી ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/BAP/e-file/17/2022/0003/J
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ સાઈન મુજબ

**વંચાણે લીધા-**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૧/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: અપબ/૧૩૦૮/ન.બા.૧૭/જ.
૨. નાણા વિભાગનો તા:૦૪/૦૪/૨૦૨૬નો પરીપત્ર ક્રમાંક: FD/MSM/e-file/4/2026/ 0812 / Budget-K.
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૮/૦૪/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2351/J.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા.૨૭/૦૭/૨૦૨૬નો પત્ર ક્રમાંક:-DSCWG/SCC/e-file/224/2025 /0356/M.

**આમુખ:-**

અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિ જેવી કે, વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તુર્કી, ગરો, વણકરસાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, તીરબંદા, થોરા, માંતગી જેવા અતિપછાત જાતિના લોકો અન્ય જાતિઓના સરખામણીમાં ચોક્કસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક વિકાસ થઈ શકે અને અતિ પછાત જાતિ માટે ગરીબલક્ષી, તાલીમલક્ષી તથા સ્વરોજગારી યોજનાઓના સરળ રીતે લાભ મેળવી શકે તે હેતુથી વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના ઠરાવથી ગુજરાત અનુસૂચિત અતિ પછાત વિકાસ નિગમની રચના કરવામાં આવેલ હતી. ત્યારબાદ તેનું નામાભિધાન ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) તરીકે કરવામાં આવેલ છે. નિગમ માટે અધિકૃત શેરમૂડી રૂ.૧૦.૦૦/- કરોડ મંજૂર કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ:૦૩ પરના વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૬ના ઠરાવથી વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં રૂ.૧૦૦.૦૦ કરોડથી ઓછી રકમની યોજનાઓમાં ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમની રૂ.૧.૦૦ કરોડની શેરમૂડીની રકમનો સમાવેશ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ:૦૪ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના તા.૨૭/૦૭/૨૦૨૬ના પત્રથી નિગમની અધિકૃત રૂ.૧.૦૦ કરોડની શેરમૂડી નિગમના હવાલે કરવા અંગે રજૂ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈ મુજબ ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ની રૂ.૧.૦૦ કરોડની શેરમૂડીની રકમ નીચેની શરતોને આધિન નિગમનાં હવાલે મૂકવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.08.06 12:17:06 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

૧. નાણા વિભાગના તા.૦૪/૦૪/૨૦૨૬ના પરીપત્ર અને વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૬ના ઠરાવ તથા રાજ્ય સરકારના સર્વે નિયમો/શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૨. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) એ તેમના ઓડિટ હિસાબો વર્ષ પૂરૂ થયે સમયસર આખરી કરવાના રહેશે.
૩. શેરમૂડીનો ઉપયોગ કરકસરયુક્ત અને નિયમોનુસાર કરવાનો રહેશે.
૪. શેરમૂડીને લગતા નાણા વિભાગના વખતોવખતના પરિપત્રો/ઠરાવની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

બજેટ સદર: ૯૫-૪૨૨૫-૦૧-૧૯૦-૦૪

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા:૩૧/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(ડૉ. અનંત ગર્ગ)**
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**પ્રતિ,**

૧. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૫. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
૬. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અનુ.જાતિ), ગાંધીનગર.
૮. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
૧૦. પસંદગી ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : Dr Anant Garg
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.08.06 12:17:06 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign